# ગાજણ ગામે ટેન્કરની ટક્કરે બાઈકચાલકનું મોત

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ગાજણ ગામ નજીક આવેલા ટોલપ્લાઝા પર શનિવારે બપોરે પાણીના ટેન્કરે બાઈકને ટક્કર મારતા બાઈકચાલકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે મોત નિપજ્યુ હતુ. અકસ્માત સર્જી ટેન્કરનો ચાલક ફરાર થઈ જતા મોડાસા રૂરલ પોલીસે અકસ્માતે મોત નિપજાવવાનો ગુનો નોંધી ફરાર ટેન્કર ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મોડાસા-શામળાજી રાજ્યધોરીમાર્ગ પર ગાજણ ગામની સીમમાં



આવેલા ટોલપ્લાઝા બુથ પાસે આજે ગમખ્વાર અકસ્માત સર્જાતા બાઈકચાલકનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. શનિવારે બપોરે ૧ વાગ્યાની આસપાસ મોડાસા-શામળાજી રાજ્ય ધોરીમાર્ગ પર ઉગાડેલા ફૂલના છોડને પાણી પીવડાવતી ટેન્કરના ચાલકે પોતાની કબ્જા હેઠળની ટેન્કર (ગાડી નં. જીજે૧૭૨૭૫૧૧)ને પૂરઝડપે ગફલતભરી રીતે હંકારી ટોલપ્લાઝા બુથ નજીકથી પસાર થઈ રહેલા પ્લેટીના બજાજ બાઈક (ગાડી નં. જીજે૯એએલ૫૯૨૨)ને અડફેટે લેતા બાઈકચાલક શાંતિલાલ રતિલાલ પટેલ (રહે. કેશરપુરાકંપા (તા. મોડાસા, જિ. અરવલ્લી) હવામાં ફંગોળાઈ જમીન પર પટકાતા શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું.

ટેન્કરનો ચાલક અકસ્માત સર્જી ટેન્કર ઘટનાસ્થળે મુકી ફરાર થઈ જતાં ભાઈલાલભાઈ રતીલાલભાઈ પટેલ (રહે. કેશરપુરા કંપા)ની ફરીયાદને આધારે મોડાસા રૂરલ પોલીસે ફરાર ટેન્કર ચાલકને ઝડપી પાડવા અકસ્માતે મોતનો ગુનો નોંધી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા. અકસ્માતના પગલે ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

# તલોદની પોસ્ટ ઓફિસ નગર બહાર ખસેડવાની હિલચાલથી ઉહાપોહ

તલોદ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના તલોદ નગર ખાતેની મુખ્ય પોસ્ટ ખાતાની કચેરીનું મકાન લગભગ ૧ કિમીના દૂર અંતરે નગરના છેડે ખસેડવાની હિલચાલ ચાલી રહી હોવાનું ચર્ચામાં રહ્યું છે. આ ચર્ચા જેટલા ગ્રાહકો સાંભળે છે તેટલા 'ભારે આપદાનો ભોગ બનવું પડશે' તેમ કહી રહ્યા છે. જો આ પોષ્ટ ઓફિસના મકાનને મોડાસા રોડ ઉપર વિજતંત્રની કચેરીથી પણ આગળ લઈ જવામાં આવશે તો, દાયકાઓથી પોસ્ટના ગ્રાહક રહેલા હજારો રોકાણકારો અને પોસ્ટઓફિસ સાથે સંકળાયેલા નાનામા નાના ગ્રાહકની પણ હાલત કફોડી બનશે.

તલોદ ખાતે દેસાઈનગર સોસાયટીમાં રોડ ટચ આવેલ પોસ્ટ ઓફિસનું મકાન દાયકાઓથી કાર્યરત છે. આ મકાન કેટલાક

**તલોદ નગરની નબળી નેતાગીરી અને 'એક વખત ધાર્યું કામ કરાવતુ' વેપારી મહાજન પણ તલોદની એક પછી એક છીનવાઈ જતી સુવિધાઓને રોકવામાં કે પરત લાવવામાં સરેઆમ નિષ્ફળ રહ્યું છે. એનસીસી કચેરી, સબ ટ્રેઝરી તથા એસ.ટી. ડેપો તેનું એક માત્ર ઉદાહરણ છે. તલોદ બજારમાં જ સહકારી બેન્કો તથા તમામ રાષ્ટ્રીયકૃત બેન્કો કાર્યરત છે, જેમાં નવી નવી બેન્કો પણ બજારમાં જ છે ત્યારે પોસ્ટ વિભાગે નગરના છેડે જવાની નોબત કેમ આવી પડી ? તેવો પ્રજા અને ગ્રાહકો સવાલ કરી રહ્યા છે.**

સમયથી જર્જરિત બની ગયેલ છે. પરંતુ કોઈક અગમ્ય કારણોસર તેની મરામત થવા પામી નથી. ભાડાના આ મકાનના સ્થાને અન્યત્ર મોટુ ભાડુ ખર્ચીને પોસ્ટઓફિસ સ્થળાંતર કરવાની હિલચાલ પોસ્ટ માસ્તર જનરલની કચેરી તરફથી કરવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે. જે સ્થળ નગરના છેવાડે બગીચા વિસ્તાર નજીક ભાડે રાખ્યુ હોવાનું કેટલાક દિવસથી ચર્ચામાં રહ્યું છે.

પોસ્ટ ઓફિસનું હાલનુ મકાન જ્યાં છે તે સ્થળ અને વિસ્તાર ગ્રાહકો માટે સલામતીજનક છે. કારણ પોસ્ટમાં લાખો રૂપિયા લેવા અને ભરવા ગ્રાહકો આવે છે. માટે ચર્ચામાં રહેલ દૂરસુદૂરનું સ્થળ ગ્રાહકો માટે તથા ગ્રાહકો અને પોસ્ટતંત્રને જોડતા નાના-મોટા એજન્ટ ભાઈ-બહેનો માટે પણ અંતરની દૃષ્ટિએ અને સલામતીની દૃષ્ટિએ પણ અયોગ્ય હોવાનું ભાસી રહ્યું છે. વિશાળ ગ્રાહક વર્ગના સર્વાંગી હિતમાં પોસ્ટખાતાની વડી કચેરીના અધિકારીઓ યોગ્ય નિર્ણય કરે તેવી અપેક્ષા સેવાઈ રહી છે.

# મુડસી ગામે ટોળાએ વીજકર્મીઓને ઢીબી નાખ્યા : ૧૨ સામે ફરિયાદ

ઈસરી, તા. ૮

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના મુડસી ગામે વિદ્યુત પુરવઠો ચાલુ કરવા બાબતે કોન્ટ્રાક્ટરના માણસોને મેઘરજની વિદ્યુતબોર્ડની કચેરી આગળ તીક્ષ્ણ હથિયારો વડે માર મારી ગંભીર રીતે ઘાયલ કર્યાના બનાવે ૮ વ્યક્તિઓ સામે તેમજ બીજી આજ સંદર્ભમાં સામ સામે બે ફરિયાદો નોંધાતા સમગ્ર પંથકમાં ચકચાર જગાવી છે.

વિગત એવી છે કે મેઘરજ તાલુકાના મુડસી ગામે જગદીશભાઈ ચૌહાણનો વિદ્યુતબોર્ડના થાંભલાઓ અંગે કામ ચાલી રહ્યું હતું. બાદ મુડસી ગામે વિદ્યુત પુરવઠો બંધ હોવાના કારણે આ ગામના કાળુભાઈ હાથીભાઈ ડામોર, કાળુભાઈ ચંદુભાઈ ડામોર, ખેમાભાઈ સોમાભાઈ, કનકાભાઈ ભગાભાઈ સહિત ૮ ઈસમો મેઘરજ ખાતે આવી કોન્ટ્રાક્ટરના ગેંગમેન ભલાભાઈ હજુરભાઈને માર મારતા ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. અને આ ઘટના વિદ્યુતબોર્ડ કચેરી આગળ થતાં નાશભાગ થઈ જવા પામી હતી. ગેંગ લીડર હજુરભાઈએ મેઘરજ પોલીસ સ્ટેશને ઉપરોક્ત ૮ વ્યક્તિઓ સામે ફરીયાદ નોંધાવી હતી. જ્યારે બીજી તરફ આ વિદ્યુત પુરવઠો બંધ રાખવા બાબતે ઉગ્ર બોલાચાલી થતાં મધુબેન હેમતાજી ડામોરે પણ ભલાભાઈ હજુરભાઈ, ધુળીબેન ભલાભાઈ, દિનેશભાઈ ભલાભાઈ, ચંદુભાઈ હજુરભાઈ સામે પણ મેઘરજ પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવતા પી.એસ.આઈ. મોડીયાએ બંને ફરીયાદો સામ સામે નોંધી ઈ.પી.કો. કલમ ૫૦૪ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મેઘરજની વત્સલ વિદ્યાલયે બે ગામ દત્તક લીધા

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લાના રાજસ્થાન નજીક અંતરીયાળ વિસ્તારમાં આવેલા ગાંધીવાદી




સેવાભાવી સંત ડૉ. વલ્લભ દોશીના પ્રયત્નોથી ચાલતી ત્રણ શાળાઓમાં આજે સ્વચ્છ ભારત મિશન કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે બે ગામોને દત્તક લઈ સફાઈ કાર્ય હાથ ધરીને ૭૦૦ જેટલા પક્ષીઓના માળા વિદ્યાર્થીઓ દ્વારા બનાવીને ગામેગામ લગાવવામાં આવ્યા હતા. તેમની સેવાકીય પ્રવૃત્તિઓને ગામલોકોએ વધાવી લીધી હતી.

અરવલ્લી જિલ્લાના અંતરીયાળ મેઘરજ તાલુકામાં વર્ષો પૂર્વે ૧૯૫૧માં ગાંધીવાદી એવા ડૉ. વલ્લભ દોશીએ આર્યુવેદિક તબીબ તરીકે પોતાની સેવા આપવાની શરૂઆત કરી હતી. ત્યારબાદ આ વિસ્તારના નિરક્ષર અને ગરીબ લોકોના જીવનમાં શિક્ષણનો દીપ પ્રગટાવવા વિશ્વ વત્સલ વિદ્યાલય, શબરી કન્યા વિદ્યાલય, મુક્તી શિલા બુનિયાદી શાળાની સ્થાપના કરી હતી. જે ૭૦૦ થી વધુ આદીવાસી, બક્ષીપંચ જ્ઞાતિના બાળકોમાં શિક્ષણની સુવાસ ફેલાવી રહી છે. સંસ્થાઓમાં આચાર્ય રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રેરિત ભારત સ્વચ્છ મિશન અંતર્ગત સ્વચ્છતાનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે આ શાળા સ્કૂલે ૨ ગામો દત્તક લઈ વિદ્યાર્થીઓએ ગામડાઓમાં પહોંચીને ગામડાઓ સ્વચ્છ બનાવ્યા હતા. શાળાઓના વિદ્યાર્થીઓએ પોતાના ઘરેજ લુપ્ત થતી ચકલી જેવી પ્રજાતિને વરસાદી માહોલમાં વોટરપ્રુફ માળાની સુવિધા પુરી પાડવા માટે ૭૦૦ જેટલા માળા બનાવ્યા હતા અને આજુબાજુના ગામડાઓના ઝાડ પર આ વોટરપ્રુફ માળાઓ લગાવ્યા હતા. સ્વચ્છતાની સાથે સાથે જીવદયાનું ઉમદા ઉદાહરણ બાળકોએ પુરૂ પાડ્યું હતું. આ પ્રસંગે સેવામંડળ મેઘરજના ટ્રસ્ટી મોતીસીંહ ચૌહાણ, સવજીભાઈ ખાંટ(સરપંચ), કલજીભાઈ તરાર, વિશ્વ વત્સલ વિદ્યાલયના આચાર્ય રમેશભાઈ પટેલ, શબરી વિદ્યાલયના આચાર્ય કૈશલ્યાબેન જોષી, મુક્તિ શીલા વિદ્યાલયના આચાર્ય નરસિંહભાઈ ભરવાડ સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે ટ્રસ્ટના ટ્રસ્ટી મોતિસીંહ બાપુ અને આચાર્ય રમેશ પટેલે જણાવ્યું હતું કે મેઘરજના અંતરિયાળ વિસ્તારમાં સ્વચ્છતા મિશન જેવી પ્રવૃત્તિ અમારી શાળાના ત્રણેય સ્કૂલોમાં વર્ષોથી ચાલે છે. જેના થકી વિદ્યાર્થીને જીવનમાં સ્વચ્છતાનો પાઠ ભણવા મળે છે.



## ડીસા રેલવે સ્ટેશન ઢુવા રોડ પર ખેતરોમાં મોટુ નુકશાન

ડીસા ઢુવા રોડ પર ભારે વરસાદને કારણે ખેતરોમાં ધોવાણને કારણે ખેડૂતોને મોટુ નુકશાન થવા પામ્યું છે.

ડીસા રેલવે સ્ટેશન ઢુવા રોડ પર ભારે વરસાદને કારણે ખેતરો જળ બંબાકાર થતા મોટુ નુકશાન થવા પામ્યું છે. ખેતરોના પાળા તુટી જતા અને પાણી ભરાવાથી પાકો ધોવાઈ ગયા છે. ખેતરોના પાળા બાંધવા માટે ખેડૂતોને મોટો ખર્ચ કરવો પડે તેમ છે. કેટલાક ખેડૂતો જેસીબી દ્વારા પુરાણકામ કરાવી રહ્યા છે. પરંતુ નાના ખેડૂતોને ખર્ચ પરવડે તેમ ન હોવાથી તેમની હાલત કફોડી બનવા પામી છે. એટલે સરકાર દ્વારા ખેડૂતોને તાકીદે સહાય આપવામાં આવે તેવી માંગ પ્રવર્તી રહી છે. આ વિસ્તારમાં વડતળાવ પાસે આવેલા જોગણી માતાના મંદિરમાં પાણી ઘુસી જતાં નુકશાન થવા પામ્યું છે.

**(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)**

# ટુંડાવ ગામે મોડી રાત્રે બે પશુઓની ચોરી

ઊંઝા, તા. ૮

ઊંઝા તાલુકાના ટુંડાવ ગામે ઠાકોરવાસમાં રહેતા જીવણજી ઘેમરજી ઠાકોર અને અનારજી ઠાકોરે ટુંડાવ કણીરોડ પર તેમના વાડાઓમાં બે ભેંસો બાંધી હતી. જે ભેંસોની રાતના સમયે કોઈ હરામખોરો કોઈ વાહનમાં ચોરી કરીને લઈ ગયા હતા. ચોરાયેલ દૂધાળા પશુઓની કિંમત અંદાજે રૂપિયા એક લાખની થવા જાય છે. આ બાબતે ઊંઝા પોલીસે ઢોર ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ઊંઝાના સાંઈબાબા મંદિરમાં ધાડપાડુ ટોળકી ત્રાટકી

ઊંઝા ખાતે દાસજ રોડ પર આવેલ સાંઈબાબાના મંદિરે રાત્રીના સમયે અજાણ્યા ધાડપાડુઓની ટોળકી ત્રાટકી વૉચમેન પર હૂમલો કરી મંદિરના દરવાજાનું તાળુ તોડી અંદરથી સાંઈ બાબાની મૂર્તિ ઉપરથી ચાંદીનું છત્તર તથા પાદુકાઓ મળી કુલ ૩૫ હજારની કિંમતની મત્તાની લૂંટ કરી ફરાર થઈ ગયા હોવાનો ચોંકાવનારો બનાવ બન્યો હતો. ઊંઝા ખાતે દાસજ રોડ પર સાંઈબાબાનું મંદિર આવેલ છે. મંદિરે વૉચમેન તરીકે ઊંઝાના રાવળ પ્રહલાદભાઈ શંકરભાઈ રાત્રે મંદિરમાં ફરજ પર હતા ત્યારે લગભગ નવેક જેટલા પેન્ટ-શર્ટ પહેરેલ અજાણ્યા હથિયારધારી શખ્સો મંદિરની દિવાલ કુદીને અંદર ઘુસી આવ્યા હતા. વૉચમેને પ્રતિકાર કરતા લુંટારૂઓની ટોળકીએ તેમના પર હૂમલો કરી બેભાન બનાવી દીધા હતા. બાદ મંદિરના દરવાજાનું તાળુ તોડી અંદરથી મૂર્તિ ઉપરથી ચાંદીનું છત્તર તથા પાદુકાઓ મળી એક કિલો વજનના ચાંદીના આભૂષણો જેની કિંમત રૂપિયા ૩૫ હજારની થવા જાય છે.

# વૉટ્સએપ 'યુવા ચેરીટી' ગ્રુપ દ્વારા ૪૦૦ જોડ પગરખાનું વિતરણ કરાયું

## દર અઠવાડિયે આ ગ્રુપ દ્વારા સ્લમ વિસ્તારમાં દૂધ અને બિસ્કીટનું વિતરણ કરવામાં આવે છે

મોડાસા, તા. ૮

આજના જમાનામાં મોટા પાયે લોકો સોશિયલ મીડિયાનો ઉપયોગ કરે છે. વૉટસએપ અને ફેસબુક જેવા સોશિયલ મીડિયાથી આજની પેઢી ખુબ જ



પ્રભાવીત થતી નજરે પડે છે. સોશિયલ મીડિયાના ઉપયોગના સારા નસરા પરિણામો પણ નજરે ચડે છે. જ્યારે વૉટસએપ પર મોડાસા અને અમદાવાદ વિસ્તારના કેટલાક યુવકો દ્વારા એક 'યુવા ચેરીટી' ગ્રુપ ચાલે છે. આ ગ્રુપ દ્વારા અમદાવાદ તેમજ આજુબાજુના સ્લમ વિસ્તારોમાં જરૂરિયાતમંદોની જીવન જરૂરી ચીજવસ્તુઓ પુરી પાડવાનું કામ છેલ્લા કેટલાય સમયથી કરે છે. તેમજ શાળામાં ભણતા બાળકો માટે દફતર, પુસ્તકો તેમજ નોટોની પણ વ્યવસ્થા કરી આપે છે. દર અઠવાડિયે ગ્રુપ મેમ્બરો દ્વારા કોઈ એક વિસ્તારનું સરવે કરી તે વિસ્તારના આબાલ વૃદ્ધની જરૂરિયાતો પુરી કરે છે. આ ઉપરાંત અલગ અલગ સ્લમ વિસ્તારોમાં દર અઠવાડિયે બાળકો તેમજ વૃદ્ધો માટે દૂધ અને બિસ્કીટનું વિતરણ કરવામાં આવે છે. રવિવારના રોજ આ ગ્રુપ દ્વારા અમદાવાદના ઈસનપુર, ઘોડાસર જેવા વિસ્તારમાં ફૂટપાથ પર રહેતા લોકો અને બાળકો માટે ધોમધખતા તાપથી બચવા માટે ૪૦૦ જેટલા પગરખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ બાળકોને ચોકલેટ તેમજ આઈસ્ક્રિમનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. 'યુવા ચેરીટી' ગ્રુપના મેમ્બર સત્યેન ભટ્ટના જણાવ્યાનુસાર છેલા કેટલાય સમયથી ગ્રુપ મેમ્બર દ્વારા પોતાના યથાશક્તિ પ્રમાણે યોગદાન આપી જરૂરિયાતમંદોને મદદ કરવામાં આવે છે. ગ્રુપ મેમ્બર દર મહીને પોતાની આવક અને પોકેટ મનીમાંથી અમુક હિસ્સો ફરજીયાત આપી આ સામાજિક પ્રવૃત્તિમાં મદદ કરે છે. આ ગ્રુપ દ્વારા શિયાળામાં ગરમ કપડા તેમજ સ્ત્રીઓ માટે સાડીનું વિતરણ પણ કરવામાં આવે છે. સોસિયલ મીડિયાના આ ગ્રુપની સામાજિક પ્રવૃત્તિને લોકો દ્વારા બિરદાવવામાં આવી હતી.

**(તસવીર : જય અમીન, મોડાસા)**

## 'મેરે દોસ્ત મેરી જાન' વૉટસ અપ ગ્રુપના હિંદુ મિત્રએ મુસ્લિમ મિત્રની માતાને લોહી આપ્યુ

સોશિયલ મીડિયાની ભલે લોકો ટીકા કરતા હોય પરંતુ એક વૉટસઅપ ગ્રુપમાં ભાઈચારાના દર્શન થયા હતા. વૉટ્સઅપ પર 'મેરે દોસત મેરી જાન' નામના એક હિંદુ, મુસ્લિમ તેમજ ખ્રિસ્તી મિત્રોનું ગ્રુપ ચાલે છે. ગ્રુપના એક સફી શેખ નામના મુસ્લિમ મિત્ર કે જે ખેડાના વીરપુર ગામનો છે જેની માતાને હાર્ટએટેક આવતા તાત્કાલિક અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યાં લોહીની તાત્કાલિક જરૂર હોઈ ડૉક્ટરોએ લોહીની વ્યવસ્થા કરવા કહ્યું હતું. જ્યારે સફી શેખ અમદાવાદમાં કોઈને ઓળખતો ના હોવાથી મુંઝવણમાં મુકાયો હતો અને વૉટ્સઅપ પર 'મેરે દોસ્ત મેરી જાન' નામના ગ્રુપ પર પોતાની વ્યથા રજુ કરતા અમદાવાદ સ્થિત યોગેશ દરજીએ તાત્કાલિક પોતાનો ધંધો પડતો મુકી મદદે પહોંચી મુસ્લિમ મિત્રની માતાને લોહી આપી ભાઈચારાના દર્શન કરાવ્યા હતા. યોગેશ દરજીના આ કાર્યને ગ્રુપના મિત્રોએ વખાણ્યું હતું.

# આજે ભિલોડામાં વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે મહારેલી

ભિલોડા,તા.૮

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે આદિવાસી સમાજમાં જનજાગૃતી સંદર્ભે મહારેલીનો કાર્યક્રમ યોજાશે. મહારેલીના આયોજક ડૉ.કિશોરભાઈ ડામોર, ડૉ.દિવ્યાંગ નિનામા, દિલીપકુમાર નિનામા, તસવીર નિનામા સહિત આદિવાસી સમાજના અગ્રણીઓએ જણાવ્યું હતું કે ભિલોડા-માંકરોડા સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ કંપાઉન્ડમાંથી તા.૯/૮/૨૦૧૫ ને રવીવારના રોજ સવારે ૮:૦૦ વાગ્યાના સુમારે ભિલોડા-માંકરોડા થી વિજયનગર સુધી બાઈક રેલીના કાર્યક્રમનું આયોજન કરેલ છે. ભિલોડા તાલુકાના અગ્રણી ડૉ. કિશોરભાઈ ડામોરએ જણાવ્યું હતુ કે વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે આદિવાસી સમાજમાં જનજાગૃતી સંદર્ભે મહારેલીનું આયોજન કરેલ છે. મહારેલી દરમ્યાન આદિવાસી સમાજની સંસ્કૃતિ જાળવી રાખવા ઢોલ, કુંડી, થાળી, શરણાઈનો પણ ઉપયોગ કરવામાં આવશે. આદિવાસી સમાજના સામાજીક રીતી-રીવાજો, પરંપરાગત સંસ્કૃતિ જાળવી રાખવા, જંગલ અને જમીનની રક્ષા કરવા માટે સઘન પ્રયત્નો કરીએ તેમ જણાવ્યું હતું.

# ઉનાવાના નવીન પોલીસ સ્ટેશનનો પ્રારંભ

ઊંઝા, તા. ૮

ઊંઝા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ ઉનાવા ગામે સરકારે ઉનાવા આઉટ પોસ્ટને અપગ્રેડ કરીને પોલીસ સ્ટેશનની મંજુરી આપતા આજે ઉનાવા પો.સ્ટે.નું મહેસાણા જિલ્લા પોલીસ અધિક્ષક જે.આર. મોથલીયાના હસ્તે ઉનાવા પો.સ્ટે.નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઊંઝાના ધારાસભ્ય નારાયણભાઈ પટેલ અને જિલ્લા પોલીસે અધિક્ષકે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ભાર મુકી શાંતિ અને સલામતિ જળવાશે તેમ જણાવ્યું હતું. ઉનાવા પોલીસ સ્ટેશનની હદમાં તાલુકાના ૧૯ જેટલા ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેના કેટલાક ગામોને ઊંઝા પોલીસ સ્ટેશન વધુ અનુકુળ પડે તેમ હોઈ આવા ગામોને ન્યાય મળી રહે તે માટે ઘટતુ કરવાની હૈયાધારણ આપવામાં આવી હતી.

નવિન ઉનાવા પોલીસસ્ટેશનમાં પો.સ.ઈ. તરીકે પી.જે. પટેલ સહિત ૨૦ પોલીસ કર્મચારીઓની નિયુક્તી કરવામાં આવી છે.

આ ઉદ્‌ઘાટન સમારોહમાં વિસનગરના ઈન્ચાર્જ વિભાગીય પોલીસવડા એમ.એચ. વાઘેલા ઊંઝા પોલીસ અધિકારીઓ નવીન પોલીસ સ્ટેશનમાં સમાવિષ્ટ ગામોના સરપંચો તાલુકા જિલ્લા પંચાયતના સદસ્યો નાગરિકો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ભિલોડામાં ગૌ વંશની હત્યાના વિરોધમાં ગૌરક્ષકોએ તંત્રને આવેદનપત્ર પાઠવ્યું

ભિલોડા,તા.૮

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં ગૌ-વંશની હત્યાના વિરોધમાં ગૌ-રક્ષકો અને જીવદયા પ્રેમીઓ ધ્વારા એક રેલીનું આયોજન કરેલ હતું. જેમાં ગૌ-રક્ષકો મોટી સંખ્યામાં જોડાયા હતા. ભિલોડા પોલીસ સ્ટેશન અને મામલતદાર કચેરીમાં આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ પણ યોજાયો હતો. ભિલોડાના હાર્દસમા વિસ્તારમાં આવેલ ભિલોડા-શામળાજી ધોરીમાર્ગ ઉપરથી પસાર થતી હાથમતી નદીના બ્રીજ નીચે ગૌ-વંશની કરપીણ હત્યા કરી કાન, પગ, પુંછડીના ટુકડા કરી કોથળામાં ભરી ફેકી દેતાં ચકચાર મચી જવા પામી હતી.



ગૌ-રક્ષક અને રાષ્ટ્રીય અધ્યક્ષ બાબુભાઈ દેસાઈ, અભિનભાઈ મહેતા (બંટીભાઈ, ઈડરવાળા), અરવલ્લી જીલ્લા ગૌ-રક્ષક અધ્યક્ષ સંકેતકુમાર ચૌધરી (રામનગરવાળા), ભિલોડાના સેવાભાવી ગૌ-રક્ષકો, જીવદયા પ્રેમીઓના જણાવ્યા મુજબ ભિલોડા હાથમતી નદીના બ્રીજ નીચેથી આશરે ૫૦ થી ૬૦ ગાયોના ૧૪૦ થી વધુ અંગો જેવા કે કાન, પુંછડી, માથાના ભાગના અવશેષો ખોદકામ દરમ્યાન મળી આવેલ હતા. ગૌ-વંશની કસાઈઓ ધ્વારા મારી નાખી કરપીણ હત્યા કરી કોથળામાં ભરી ફેકી દેતાં ગૌ-રક્ષકો અને જીવદયા પ્રેમીઓની લાગણી અત્યંત હૃદયપુર્વક દુભાઈ હતી. ગૌ-વંશની ક્રુર ક્રુરતાપુર્વક હત્યા કરનાર કસાઈઓની પોલીસ ધ્વારા સત્વરે ધરપકડ કરવામાં આવે તેવી અરવલ્લી જીલ્લા ગૌ-રક્ષક સમિતી અને જીવદયા પ્રેમીઓની લોકમાંગણી સંદર્ભે ગૌ-વંશની હત્યાના વિરોધમાં તા.૮/૮/૨૦૧૫ ને શનીવારના રોજ ૧૧ વાગ્યાના સુમારે ભિલોડા ટાઉન મીની પોલીસ ચોકી, મઉં ચાર રસ્તા પાસેથી ગૌ-રક્ષકો, સાધુ, સંતો, જીવદયા પ્રેમીઓ, વેપારીઓ,વિવિધ સંસ્થાના હોદ્દેદારો, જાગૃત પ્રજાજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. ભિલોડા પોલીસ સ્ટેશનમાં સી. પી. આઈ. એસ. જે. મોદી, ભિલોડા મામલતદાર કચેરીમાં મામલતદાર રાજુભાઈ પટેલને ગૌ-રક્ષકો ધ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.



**(તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા)**